
ઓક્ટોબર ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાનનું પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સાચો ધર્મ



# સાચો ધર્મ

## સંપાદકીય

બાળમિત્રો,

નાનપણથી જ આપણે ધર્મ તો કરતા જ આવ્યા છીએ. કોઈ જૈન ધર્મ, કોઈ વૈષ્ણવધર્મ તો કોઈ શિવપંથી, તો વળી કોઈ માતાજીને માનતું હોય. જે જે ધર્મમાં જે કહેવામાં આવ્યું હોય એવું અનુસરવું એને આપણે ધર્મ કર્યો કહીએ છીએ. પણ શું એ સાચો ધર્મ કહેવાય ? બધા જ 'હા' કહેશે. પણ જ્ઞાનીઓની ભાષામાં ધર્મની વ્યાખ્યા કંઈ ઓર જ છે.

તો આવો, આજે આપણે આ નવી વ્યાખ્યા સમજીએ અને જ્ઞાની જેને 'સાચો ધર્મ' કહે છે એ પ્રમાણે ચાલતાં થઈએ.

-ડિમ્પલ મહેતા


# અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૨
સળંગ અંક : ૯૮
ઓક્ટોબર ૨૦૧૬



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાશ્રી કહે છે...



દાદાશ્રી : સામાન્ય રીતે જગતના લોકો ધાર્મિક ક્રિયા કરનારાઓને ધર્મિષ્ટ માણસ ગણે છે. રોજ મંત્રો બોલે, જાપ કરે, દેવ દર્શન કરે, એકાદશીઓ કરે, એકટાણાં કરે, ઉપવાસ કરે, રાત્રિ ભોજન ના કરે, કંદમૂળ ના ખાય, પૂજા-પાઠ કરે, ધ્યાન કરે, વ્યાખ્યાનો નિયમિત સાંભળવા જાય, શાસ્ત્રોનો અભ્યાસ કરે, આવું કંઈ પણ કરે, તેને 'આ બહુ ધરમ કરે છે' એવું માને. પણ એ ખરેખર ધર્મ તરફ લઈ જાય છે. સાચો ધર્મ કર્યો કોને કહેવાય ? કે જેનું પરિણામ આવે. કોઈ અપમાન કરે ને સહેજ પણ અસર થાય છે, તો અત્યાર સુધી જે કંઈ ધર્મ કર્યો, તેનું પરિણામ મળ્યું નહીં.


દરેક મિનિટે જ્ઞાન હાજર રહે તેનું નામ ધર્મ કહેવાય. ધર્મ રક્ષણ આપે, શાંતિ આપે, સમાધિ આપે, ચિંતા ના કરાવડાવે. ચિંતા થાય, એને ધર્મ ના કહેવાય. અનંત અવતાર ધર્મ કર્યા પણ સમય આવ્યે જો આપણે રક્ષાયા નહીં, તો તેને ધર્મ કર્યો કહેવાય જ કેમ ? ધર્મ તો તેનું નામ કે મુસીબતમાં રક્ષણ કરે. ક્રોધ, માન, માયા, લોભ થતી વખતે ધર્મ હાજર થઈને આપણું રક્ષણ કરે. દા.ત. કોઈ ગાળ ભાંડે, ત્યારે ધર્મ મદદે આવે. આપણને અસર ન થવા દે. તમામ પ્રકારનાં દુઃખોથી મુક્તિ કરાવે તે સાચો ધર્મ.

એટલે કોઈપણ ધર્મ કર્યો, તો તેનું કંઈ પ્રમાણ તો હોવું જોઈએને ? જેમ તાવ ચઢ્યો હોય તો થર્મોમિટર બતાવે કે તાવ ચઢ્યો છે કે ઊતર્યો છે, તેવું ધર્મ પચ્યો છે કે અપચો થયો છે તેનું થર્મોમિટર કયું ? પોતાની ગમતી ચીજ ખોવાઈ જાય ને ઉપાધિ થઈ જાય ! અરે, નવા બૂટ ઉપડી ગયા કે આખો દહાડો મનમાં કે પછી લોકો પાસે 'બૂટ ગયા' એની કાંણ માંડ્યા કરે, તો પછી આટલો બધો ધર્મ કર્યો, તેનું ફળ ગયું ક્યાં ? આટલા બધા મંદિરો કે દેરાસરના પગથિયા ઘસી નાખ્યા, તોય ખરી મુશ્કેલીમાં ધર્મ હાજર ના રહ્યો, તો ભૂલ ક્યાં રહી છે ?



પરિણામ પામે તે ધર્મ અને પરિણામ ના પામે તે અધર્મ. પરિણામ શું પામે ? ત્યારે કહે, કષાય ભાવોને હળવા કરે, ઓછા કરે, હલકા-પાતળા કરે અને જેમ તે કષાય ભાવો ઓછાં થતા જાય તેમ પોતાની શક્તિ, આનંદ વધતાં જાય. પોતાની બધી શક્તિ માલૂમ પડે કે ઓહોહો ! મહીં પોતાની કેવી શક્તિ છે ! આટલી બધી પોતાનામાં શક્તિ ક્યાંથી આવી ? એટલે ધર્મ એનું નામ કહેવાય. નહીં તો નાનપણથી તે ઠેઠ નનામી કાઢે ત્યાં સુધી એવો ને એવો જ હોય. તો એને ધર્મ શી રીતે કહેવાય ?

ક્લેશ રહિત થવું તે જ
મહાન ધર્મ. ક્લેશ છે ત્યાં
ધર્મ નથી ને ધર્મ છે ત્યાં
ક્લેશ નથી.



# આ તો નવી

ગમે તેવા સંજોગો ભેગા થાય છતાં સ્થિરતા ના તૂટે, ધ્યેય
ના બદલાય એ ધર્મ પામ્યો કહેવાય.



જ્ઞાનીની આજ્ઞા પાળે તેને
તમામ ધર્મોનો સાર મળે.
જ્ઞાનીને રાજી રાખવા તેના જેવો
ઉત્તમ કોઈ ધર્મ નથી.
જ્ઞાનીની આજ્ઞા પળાય
ત્યાં જ્ઞાની રાજી રહે.




# જ વાત!

દરેકના ધર્મમાં માફીનું મહત્વ બતાવેલું હોય છે. ક્રિશ્ચન, મુસ્લિમ, બધામાં ને આપણે અહીં પ્રતિક્રમણ હોય. દા.ત. આ કાળના માણસોને ધર્મ જાણવો હોય તો અમે એને શું શીખવાડીએ કે તારાથી ખોટું બોલાઈ જવાય તેનો વાંધો નથી, મનમાં તું જૂઠું બોલ્યો તેનો વાંધો નથી, પણ હવે તું એનું પ્રતિક્રમણ કર કે ફરી આવું નહીં બોલું. પ્રતિક્રમણ કરવાનું અમે શીખવાડીએ.



# પરિણામ પામે તે ધર્મ


POSITIVE દષ્ટિ
સમર કેમ્પનો છેલ્લો દિવસ હતો. યુવાનો હોલમાં ગોઠવાઈ ગયા હતા. સેશનનો ટોપિક હતો - પોઝિટિવ દષ્ટિ.
મિત્રો, આજે આપણે મહાવીર ભગવાને બતાવેલી દષ્ટિ શીખીશું જેમાં નુકસાનમાં પણ નફો દેખાય.
બધા ધ્યાનથી અપૂર્વભાઈની વાત સાંભળી રહ્યા હતા.
મહાવીર ભગવાનને કોઈ એક લાકડી મારે તો તેઓ એમ વિચારતા કે લાકડી એકલી જ મારી છે, હાથ તો નથી ભાંગ્યો ને એટલી તો બચત થઈ.
અને જો હાથ ભાંગી નાખે તો એમ વિચારતા કે પગ તો છે ને, પગ કાપી નાખે તો એમ કહેવું કે જીવતો તો છું ને, આંખે દેખાય છે તો ખરુંને.


બોલો, આવી દૃષ્ટિ જીવનમાં અપનાવીએ તો કોઈ દુઃખ રહે ? નુકસાનમાં પણ નફો દેખાય તો કેવા આનંદમાં રહેવાય. ગયું એનું દુઃખ ના થાય, પણ બચ્યુ એના સુખમાં રહેવાય.
બટ, ધીસ ઈસ ઈમ્પોસીબલ. આવી ધર્મની વાતો ડિસ્કસ કરવી સહેલી છે, પણ એપ્લાય કરવી બહુ અઘરી છે. એ તો જેના માથે મુસીબત આવી પડે એને ખબર પડે.
સૌમિલ, વાતો ફક્ત ડિસ્કસ કરવા માટે નથી. પણ, આ વાતોમાંથી મેળવેલી સમજણ આપણને મુસીબતના વખતે હાજર થાય અને આપણું રક્ષણ કરે, એ મહત્વનું છે.
POSITIVE દૃષ્ટિ
અને એને જ ધર્મ કહેવાય, જે મુસીબતના વખતે સાચી સમજણ ધરી આપણને દુઃખમાંથી ડૂબતા બચાવે. આટલી વાત યાદ રાખીશ ?
આઈ વિલ ટ્રાય અપૂર્વભાઈ !
અપૂર્વભાઈએ સૌમિલના ગાલ પર એક હલકી ટપલી મારી.



જોતજોતામાં સેશન પત્યું. યુવાનોએ સમર કેમ્પમાં થયેલા અદ્ભૂત અનુભવો શેર કર્યા. કેમ્પમાં શીખેલી વાતો રોજિંદા જીવનમાં એપ્લાય કરવાના નિશ્ચય સાથે સહુ છૂટા પડ્યા.
અપૂર્વભાઈ, બાઈક પર રાઈડ મળશે ?
દોસ્ત, બાઈક તો આજે બીમાર પડ્યું છે. પણ ચાલ, તને રીક્ષામાં ઘરે મૂકી જાઉં. તારું ઘર તો રસ્તામાં જ આવે છે.
અપૂર્વભાઈ અને સૌમિલ રીક્ષા સ્ટેન્ડ તરફ ચાલી રહ્યા હતા. અચાનક, બાઈક પર બે ભાઈઓ આવ્યા. અપૂર્વભાઈના ખિસ્સામાંથી વોલેટ ઝૂંટવીને નાસી ગયા.
ચોર, ચોર, ચોર..... કોઈ પકડો...
પણ, બાઈકની ઝડપને કોઈ પહોંચી ના વળ્યું.
સૌમિલ, આપણે રીક્ષા પકડીને ઘરે પહોંચી જઈએ. પછી વિચારીએ કે શું થઈ શકે.
અપૂર્વભાઈની સ્થિરતા જોઈને સૌમિલને ખૂબ નવાઈ લાગી ! વોલેટ ચોરાયું પણ અપૂર્વભાઈના ચહેરા પર સહેજ પણ ઉચાટ કે ચિંતા નહોતા દેખાતા.



રીક્ષામાં બેસીને અપૂર્વભાઈએ પોતાની નોટબુક ખોલી અને કંઈક લખ્યું.
શું લખો છો અપૂર્વભાઈ ?
અપૂર્વભાઈએ નોટબુક સૌમિલના હાથમાં ધરી. સુંદર અક્ષરોમાં લખ્યું હતું.
આજે મારું વોલેટ ચોરાયું, મને કોઈ ઈજા નથી થઈ.મને એનો પણ આનંદ છે કે આજ પહેલા મારી સાથે આવું ક્યારેય બન્યું નથી.
અને મને એ વાતનો પણ આનંદ છે કે જેમણે ચોરી કરી, તેમના માટે મારા દિલમાં કોઈ નેગેટિવિટી નથી, ફક્ત એમનું ભલું થાય એવી પ્રાર્થના છે.
અપૂર્વભાઈએ લખેલા શબ્દો સૌમિલના દિલને સ્પર્શી ગયા. સેશનમાં અપૂર્વભાઈએ કહ્યું હતું:
"પરિણામ પામે તે ધર્મ".




# સાચા ધર્મનો ઉપયોગ

ગોરખપુર ગામના છેવાડે ગુરુ રામદાસનું એક સુંદર મજાનું ગુરૂકુળ હતું. ગુરૂકુળના કિનારે એક નદી વહેતી અને આંગણમાં એક વિશાળ વડલો હતો. ગુરૂકુળનું વાતાવરણ એવું આનંદમય હતું કે અવારનવાર મુસાફરો આવીને ગુરુકુળમાં વિશ્રામ કરતા અને ગુરૂજી પાસે થોડી ધર્મની વાતો સાંભળતા. રામદાસ ગુરૂની વિદ્યાની ચર્ચા તો ગામે ગામ થતી. ગુરૂજી પાસેથી બે-ત્રણ વાતો પણ સાંભળવા મળી જાય તો લોકોના જીવનમાં શાંતિ થઈ જતી.

જ્યારે ભૈરવ પંડિતના કાને આ ચર્ચા આવી, ત્યારે એમના મનમાં ઉત્કંઠા જાગી, ''એવું તો શું હશે આ ગુરૂ રામદાસમાં કે એમના જ્ઞાનની અને ધાર્મિક સમજણની ચર્ચાઓ ગામે ગામ થાય છે ?'' ગુરૂ રામદાસની તપાસ કરવા ભૈરવ પંડિત ગોરખપુર જવા નીકળી પડ્યા.

શિયાળાની બપોર હતી. ગુરૂ રામદાસ વડલા નીચે એમના શિષ્યો સાથે અલક મલકની વાતો કરી રહ્યા હતા. ત્યાં તો દરવાજા પર ટકોરા પડ્યા.


''નમસ્કાર, મારું નામ ભૈરવ પંડિત છે. ગુરૂ રામદાસ સાથે વાર્તાલાપ કરવા ઈચ્છું છું'', પંડિતજીએ શિષ્યને ટૂંકમાં પોતાના આવવાનો ઉદ્દેશ્ય જણાવ્યો.

ગુરૂજીએ ખૂબ પ્રેમથી પંડિતજીને આવકાર આપ્યો. ભોજન બાદ ગુરૂજી પંડિતજીને અતિથિગૃહમાં તેડી ગયા.

''રામદાસજી, હું તમને મારો પરિચય આપું. છેલ્લા વીસ વર્ષથી મેં શાસ્ત્રોનું પઠન કર્યું છે. કોઈપણ શાસ્ત્ર ખોલીને તમે મને પ્રશ્ન પૂછો. જો મને તમારા સવાલનો જવાબ ના આવડે, તો હું મારું નામ બદલી નાખું'', પંડિતજીએ પોતાની વિદ્યાનો જાણે ઢંઢેરો પીટ્યો.

''ખૂબ આનંદની વાત છે,'' ગુરૂજી બોલ્યા.

''ના, એમ નહીં. હું ઈચ્છું છું કે તમે મારી પરીક્ષા લો. મારા ગામના લોકો તો મને સંત જાણે છે, પણ મારી ઈચ્છા છે કે તમે પણ મને સંત તરીકે સ્વીકારો'', પંડિતજીએ ગુરૂજીને અરજી કરી.


“ શિયાળાની બપોર હતી.
ગુરૂ રામદાસ વડલા નીચે એમના
શિષ્યો સાથે અલક મલકની
વાતો કરી રહ્યા હતા. ”

"લોકો તમને સંત જાણે છે?" આશ્ચર્ય સાથે ગુરૂજીએ સવાલ કર્યો.

"હા, હા, એમાં કોઈ તલભાર શંકા નથી. ધર્મ સંબંધી કોઈપણ ચર્ચામાં મને કોઈ હરાવી ના શકે," છાતી ઠોકીને પંડિતજી બોલ્યા.

"લોકો તમને સંત માને છે એ વાત જાણીને મને અચરજ થાય છે ! આટલી સહેલાઈથી તમે લોકોને કેવી રીતે છેતરી શક્યા ?"

આ સાંભળી પંડિતજી લાલ પીળા થઈ ગયા, "આ શું કહો છો ? તમને કંઈ ભાન છે ?"

"પંડિતજી, શાંત થાઓ. જો વીસ વર્ષની સાધના પછી, જો આટલી નાનકડી બાબત તમને આટલું બધું હલાવી દે, તો હજી તો તમારે ખૂબ આગળ વધવાનું છે. આ તો આપે મને પરીક્ષા લેવા કહ્યું એટલે..."

પણ, ગુરૂજીની વાત પતે, એ પહેલા જ પંડિતજી ધૂઆંપૂઆં થઈને આશ્રમની બહાર ધસી ગયા.

શિષ્યોએ પંડિતજીને રોકાઈ જવા માટે ખૂબ વિનંતી કરી પણ પંડિતજી તો ટસના મસ ના થયા.


ગુરૂજી વડલા પાસે આવીને બેઠાં. શિષ્યો બધા ચટાઈ પાથરીને નીચે ગોઠવાઈ ગયા.

"ગુરૂજી, પંડિતજીનો આવો મિજાજ જોઈને આપને મનમાં શું થયું."

ગુરૂજીએ એક ઊંડો શ્વાસ લીધો, અને બોલ્યા, "પંડિતજીનો મિજાજ જોઈને મને એક વાર્તા યાદ આવી."

એક બાવાજી હતા. એકવાર બાવાજીના માથામાં પુષ્કળ જૂ થઈ ગઈ. ખૂબ ચટકા ભરે. બાવાજી માથું ખંજવાળવા જોરથી હાથ ફેરવે તો પાંચ-પંદર જૂ મરી જાય. પોતાની વેદના કરતાંય આ જૂ મોટી સંખ્યામાં મરી જતી હોવાથી બાવાજી દુઃખી દુઃખી થઈ ગયા. અવાર-નવાર પોતાના દર્શને આવતા એક ભક્તને બાવાજીએ કહ્યું 'ભાઈ ! શહેરમાંથી એક સારા હજામને બોલાવી લાવ. માથા પરના બધા વાળ મારે ઉતરાવી નાખવા છે.'

બીજે દિવસે પેલો ભક્ત હજામને લઈને બાવાજી પાસે આવ્યો. બાવાજીએ હજામને કહ્યું, 'ભાઈ ! વાળ તું એવી કાળજીથી કાપ કે જેથી માથામાં રહેલી એક પણ જૂ મરે નહીં.'



હજામ દયાળુ હતો. જૂથી ખદબદી ઊઠેલા બાવાજીના માથાનો એક એક વાળ હજામે કાળજીથી કાપવા માંડ્યો. તમામ વાળોને ઉતારતાં પૂરા સાત કલાક લાગ્યા, પણ તમામ માથામાંની જૂઓ બચી ગઈ ! હજામની વાળ કાપવાની આવડતથી પ્રસન્ન થયેલા બાવાજીએ હજામને પોતાની ઝૂંપડીમાં આવવા કહ્યું.

'બેટા ! જીવો પ્રત્યેની તારી દયા જોઈને હું તારા પર ખૂબ પ્રસન્ન થઈ ગયો છું.' બાવાજીએ હજામને કહ્યું, "વર્ષોથી મારી પાસે પડેલો પારસમણિ 'કોને આપવો ?' એની મને મૂંઝવણ હતી. પણ મને લાગે છે કે આ પારસમણિને લાયક તું છે. આ પારસમણિ લોખંડને અડાડીશ એટલે તરત જ એ લોખંડ સોનામાં રૂપાંતરિત થઈ જશે." આમ કહી બાવાજીએ ડબ્બી ખોલીને તેમાં રહેલો પારસમણિ હજામના હાથમાં મૂક્યો. હજામ તો બાવાજીના પગમાં પડી ગયો. અને બાવાજીના આશીર્વાદ લઈને પોતાના ઘર તરફ આવવા નીકળ્યો.



એના મનમાં આનંદનો પાર નહોતો. કેટલી મામૂલી સેવાનું કેટલું ઊંચું ફળ મળ્યું! પોતાની દુકાનના તમામ લોખંડનાં સાધનોને પારસમણિ અડાડ્યો. તમામ સાધનો સોનાનાં થઈ ગયાં. સાધનોને સોનાના બનાવી, હજામે પારસમણિ અભરાઈ પર મૂકી દીધો. બીજે દિવસે દુકાનની બહાર મોટા અક્ષરે પાટિયું લગાવ્યું : 'આ દુકાનમાં તમારા વાળ કપાવવા તથા હજામત કરાવવા જરૂર પધારો, કારણ કે અમે સોનાના અસ્ત્રાથી તમારી હજામત કરી આપીશું અને વાળ પણ સોનાની કાતરથી કાપી આપીશું'

બિચારો હજામ ! પારસમણિ જેવો પારસમણિ મળ્યો તોય રહ્યો તો હજામ જ ! ટનનાં લોખંડને સોનામાં ફેરવી દે તેવી પ્રચંડ તાકાત ધરાવતા પારસમણિનો ઉપયોગ કર્યો તેણે કાતર અને અસ્ત્રાને સોનામાં ફેરવી નાખવામાં !

જેમ હજામને પારસમણિનો યથાર્થ ઉપયોગ કરતા ના આવડ્યું, તે જ રીતે પંડિતજીને પણ વર્ષોની સાધના બાદ સાચા ધર્મનો ઉપયોગ કરતા ના આવડ્યું. જરીક અમથા અપમાનથી પંડિતજી હલી ગયા. સાચા ધર્મની તાકાત પારસમણિ કરતા પણ અનેકગણી છે. પણ એનો યથાર્થ ઉપયોગ કરતા આવડવું જોઈએ. પોતાના એક એક શિષ્યો સામે ખૂબ મીઠી દૃષ્ટિ કરીને ગુરૂજી બોલ્યા, "મારા વ્હાલા શિષ્યો, શાસ્ત્રોનું રટણ અને પઠન કરીને તમે ગુરૂકુળની પરીક્ષામાં તો કદાચ પાસ થઈ જશો, પણ ધર્મમાંથી મેળવેલી સમજણ જ્યારે મુસીબતના સમયે હાજર થઈ, દુ:ખોમાંથી તારે, ત્યારે જીવનની પરીક્ષામાં પાસ થવાય. સમજાયું તમને ?"

બધા જ શિષ્યોને નમ્રતાથી માથું ઝુકાવ્યું અને સાચા ધર્મને નિષ્ઠાપૂર્વક જીવનમાં અપનાવી જીવનની પરીક્ષામાં પાસ થવાનો નિશ્ચય કર્યો.

# ચાલો રમીએ...

૧

બાજુમાં આપેલા શબ્દોને નીચે આપેલા ચોકઠા માંથી શોધી કાઢો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દે | ક્ષ | દા | આ | થ | ના | સં | તા | દા | થ | ભે | ર |
| ના | ત્ર | ર્ચ | ચા | સં | ણ | દા | સં | ભે | દા | ચા | ર્ચ |
| ચા | તા | સ્થિ | ર | તા | આ | ણ | રિ | ર | આ | દે | દા |
| ન | ભે | થ | ક્ષ | ક્ષ | ર્શ | મં | ભે | ચા | દા | ણ | સ્થિ |
| ર | ણ | ભે | ણ | દે | સં | સ્થિ | ર્શ | દે | ભે | ર્પ | ણ |
| મં | ચા | મં | સં | તા | દા | મ | થ | વ | ર | દા | ન |
| આ | અ | ન | દા | ણ | ન | આ | નં | દ | દા | ના | આ |
| સ | ક્ષ | મા | ર | ચા | ર | મં | ણ | ર્શ | ર્પ | સ્થિ | ચા |
| ભે | ણ | ભે | આ | દા | સ | મા | ધા | ન | ણ | ચા | ર |
| તા | સં | સ્થિ | સં | ય | મ | ના | ણ | ર્ચ | તા | દ | સં |
| ક્ષ | ચા | અ | તા | ણ | ર્પ | ન | સ | દા | ચા | ર | ક્ષ |
| ના | ણ | આ | ર | ક્ષ | ણ | ના | ના | ક્ષ | રિ | ણ | અ |
| અ | ભે | દ | તા | રિ | ય | ર્ચ | ભે | મં | ત્ર | ભે | અ |
| ર્ચ | સં | ર્શ | દા | ર્શ | ના | ર | ર્ચ | ચા | દા | મ | ર્શ |
| ના | ણ | ક્ષ | અ | ક્ષ | ન | ણ | અ | ર્શ | તા | ય | સં |

આનંદ
સમર્પણ
આદર્શ
અભેદતા
વરદાન
અર્ચના
સદાચાર
સ્થિરતા
રક્ષણ
મંત્ર
ચારિત્ર
દેવદર્શન
સંયમ
આચાર
સમાધાન

**૨**

ધર્મ, મંદીર અને તેના સિમ્બોલ, એમ ત્રણ જોડકા જોડો.



- શીખધર્મ
- ઈસ્લામધર્મ
- બુદ્ધધર્મ
- હિંદુધર્મ
- ક્રિશ્ચિયનધર્મ
- જૈનધર્મ




**3**

નીચે આપેલા લંબચોરસમાં એક ધર્મનું સિમ્બોલ કેટલીવાર છે તે ગણો.





# ઐતિહાસિક ગૌરવગાથા



પર્શિયાના બોખારા રાજ્યના રાજા ઈબ્રાહીમ અધમ ખૂબ જ ધાર્મિક વૃત્તિના હતા. તેઓ હંમેશા સંતોનું સાંનિધ્ય ઝંખતા. સાચો ધર્મ પામીને જીવન વિતાવવું એ જ એમના જીવનનું લક્ષ હતું.

એક મોડી રાત્રે, એમના ખંડના છત પર એમને કંઈ આવજ સંભળાયો. તપાસ કરવા પર જાણવા મળ્યું કે બે વ્યક્તિઓ છત પર આંટા મારી રહ્યા હતા. રાજાએ એ વ્યકિતઓને હાજર કરવા હુકમ કર્યો.

''આટલી મોડી રાત્રે, તમે મહેલના છત પર શું કરો છો ?'' રાજાએ પ્રશ્ન કર્યો.

''રાજાજી, અમારા ઊંટ ખોવાઈ ગયા છે. બસ, એ જ શોધી રહ્યા હતા.'' રાજાને જવાબ મળ્યો.

''શું ?'' મહેલના છત પર તમે ઊંટ શોધી રહ્યા છો ? આ કંઈ શોધવાની જગ્યા છે ? જવાબ સાંભળીને રાજાને અકળામણ થઈ.

ખૂબ નમ્રતાથી એક વ્યક્તિએ જવાબ આપ્યો, ''ખરું કહો છો, રાજાજી. પણ જે રીતે આપ મહેલની જાહોજલાલીમાં રહીને ધર્મ શોધી રહ્યા છો, તે જ રીતે અમે મહેલની છત પર ઊંટ શોધી રહ્યા છીએ.''

આ સાંભળીને રાજાની આંખો ખુલી ગઈ. સાચા ગુરૂ પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે રાજા ઈબ્રાહિમે હિન્દુસ્તાન તરફ પ્રયાણ કર્યું. કાશીમાં એમણે કબીરજી વિષે સાંભળ્યું અને તેઓ સીધા કબીરજી પાસે પહોંચ્યા.

બે હાથ જોડીને રાજાએ કબીરજીને વિનંતી કરી, ''મને શિષ્ય તરીકે સ્વીકારો.''

''એક રાજા મારી પાસેથી શું પ્રાપ્ત કરી શકે?'' કબીરજીએ પ્રશ્ન કર્યો.

''હું આપની પાસે એક રાજા તરીકે નહીં પણ શિષ્ય તરીકે આવ્યો છું. આપની કૃપા પ્રાપ્ત કરી આપની પાસે જ્ઞાન પ્રાપ્ત

કરવા ઈચ્છું છું. મને શિષ્ય તરીકે સ્વીકારો. રાજાએ વિનંતી કરી.''

કબીરજીએ રાજાની વિનંતી સ્વીકારી તો ખરી, પણ રાજાને કોઈ ઉપદેશ કે જ્ઞાન આપવાને બદલે એમને ઘરના નાના-મોટા કામ કરવાની સૂચના આપી. રાજાએ દિલથી કબીરજીનું સૂચન સ્વીકાર્યું અને તેઓના કહ્યા પ્રમાણે ઘરના નાના મોટા કામ કરવા લાગ્યા.

છ વર્ષ વીત્યા. એક દિવસ કબીરજીના પત્નીએ કબીરજીને કહ્યું, ''આ રાજા વર્ષોથી આપણા ઘરે કામ કરે છે. આપણે જે ખાવાનું આપીએ છીએ એ ખાય છે, જે કામ સોંપીએ છીએ એ કરે છે. કદી કોઈ ફરિયાદ કરતા નથી. મને લાગે છે કે તમારે એમના પર કૃપા વરસાવી એમને જ્ઞાન પ્રાપ્ત કરાવવું જોઈએ.''

કબીરજીએ કહ્યું, ''ના, હજી એ મારી કૃપાને લાયક નથી બન્યા. જો તમારે એમની પરીક્ષા કરવી હોય તો મારા કહ્યા પ્રમાણે કરો. ઘરની છત પર જઈને આખા ઘરનો કચરો રાજા પર ફેંકજો, અને શું બને છે એ મને આવીને જણાવજો.''

કબીરજીના કહ્યા પ્રમાણે એમની પત્નીએ રાજા પર કચરો ફેંક્યો. જેવો રાજાના માથા પર કચરો પડ્યો, એ છંછેડાઈ ગયા અને ધીમા અવાજે બોલ્યા, ''આ મારું રાજ્ય બોખારા હોત, તો કોઈએ આવું કરવાની હિંમત ના કરી હોત.''

પત્નીજીએ કબીરજીને આખો બનાવ કહ્યો.

આ વાતને બીજા છ વર્ષ થયા. એક દિવસ કબીરજીએ એમની પત્નીને કહ્યું, ''હવે મને લાગે છે કે રાજા કૃપાપાત્ર બની ગયા છે.''

''પણ મને તો આજ અને છ વર્ષ પહેલાના રાજાના વર્તનમાં કોઈ અંતર દેખાતું નથી. એ તો પહેલા પણ આવા જ વિનયી અને નમ્ર દેખાતા હતા. શું રાજામાં ખરેખર કોઈ પરિવર્તન આવ્યું છે ?'' પત્નીએ કબીરજીને પ્રશ્ન કર્યો.

''જો તમારે પરિવર્તન જોવું હોય તો ફરી છત પર જઈને રાજાના માથા પર કચરો ફેંકો. કબીરજીએ જવાબ આપ્યો.''

પત્નીએ ફરી રાજાના માથા પર કચરો ફેંક્યો. પણ આ વખતે રાજાની પ્રતિક્રિયા પહેલા કરતા તદ્દન અલગ હતી. ઉપર જોઈને રાજા બોલ્યા, ''ઘણું જીવો ! આ અહંકારથી ભરેલું પૂતળું, આને જ લાયક છે !''

આ વાત જ્યારે કબીરજીએ સાંભળી, ત્યારે તેઓ ખૂબ રાજી થયા. રાજાને બોલાવી અને કહ્યું, ''રાજાજી, તમારી સાધના આજે પૂરી થાય છે. તમે હવે તમારા રાજ્ય તરફ પાછા ફરો.'' એમ કહી કબીરજીએ રાજાને દિલથી આર્શીવાદ આપ્યા અને દૃષ્ટીવડે એમના પર ખૂબ કૃપા વરસાવી.

અને આમ, બોખારાની રાજા ઈબ્રાહીમ, કબીરજી પાસેથી સાચો ધર્મ પામ્યા અને ક્લેશ રહિત બન્યા.



# મીઠી યાદેં





એક મહાત્માને એક કામ માટે નીરુમાએ રાજકોટ મોકલ્યા. એ મહાત્મા કામ પૂરું કરીને પાછા ફરી રહ્યા હતા. ત્યાં તો નીરુમાનો એમને ફોન આવ્યો. નીરુમાએ પૂછ્યું, ''બેસી ગયા બસમાં ? બધું બરોબર છે ?''

પછી કહે કે ''તમને આવવામાં કેટલો ટાઈમ લાગશે ? તમારું જમવાનું ઊણોદરી(ભોજનશાળા)માં રાખ્યું છે. આવીને સીધા ત્યાં જજો. જમી લેજો.''

હવે એ મહાત્મા સીમંધર સીટીના જ રહેવાસી હતા. એમનું પોતાનું ઘર અને કુટુંબ હતા. જમવાની સગવડ તો ઘરે જ થઈ શકે એમ હતી, છતાં નીરુમાએ એમના માટે ઉણોદરીમાં જમવાની વ્યવસ્થા કરી. એ મહાત્માને એટલો બધો અહોભાવ થયો. એક તો નીરુમાએ સેવા સોંપી એનો જ એમને અહોભાવ થતો હતો, એમાં નીરુમાએ એમની જમવાની પણ સગવડ કરી, એટલે એ મહાત્મા તો નમી જ પડ્યા.

ત્યાં તો ફરી પાછો કલાક પછી નીરુમાનો ફોન આવ્યો કે ''તમારું ખાવાનું તો રાખ્યું છે પણ તમે આવશો ત્યારે ગરમ નહીં હોય. માટે આવો એટલે ફોન કરજો. હું ગરમ કરાવડાવી દઈશ.''

થોડી વાર રહીને પાછો ફોન આવ્યો, ત્યારે એમણે એમને સીટીમાં એક મહાત્માના દેહવિલયના સમાચાર આપ્યા. કહે કે તમારે કદાચ ડાયરેક્ટ ત્યાં જવું પડે, તો શું કરશો ?

પેલા મહાત્મા કહે, નીરુમા, હું મારા ઘરે જમવાનું પતાવી દઈશ. તમે મારી ચિંતા ન કરો.


એ મહાત્મા તો વિચાર કરવા લાગ્યા કે ક્યાં નીરુમા અને ક્યાં હું ? છતાં નીરુમા મારું કેટલું ધ્યાન રાખે છે ! આટલી વારમાં તો એમણે મને ત્રણ ફોન કરી દીધા અને બધી માહિતી પૂછી પણ લીધી અને આપી પણ દીધી.

**અદભૂત છે નીરુમા !**



# પઝલના જવાબો

૧



૨




3




# ઓસ્ટ્રેલીયા-ન્યુઝિલેન્ડ સત્સંગ પ્રવાસ દરમ્યાન પૂજ્યશ્રી બાળકો સાથે...

ન્યુઝિલેન્ડ





પર્થ






સીડની






Akram Express

October 2016
Year : 9, Issue : 2
Conti. Issue No.: 98

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month




સીડની




<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.